Friday
30.10.2026
✳Volume :11 ✳ Issue No.118
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

તંત્રી સ્થાનેથી......

ગુજરાત સરકાર દ્વારા અમલીકૃત 'સંકલિત ડેરી વિકાસ યોજના' આદિજાતિ ક્ષેત્રોની મહિલાઓના આર્થિક સશક્તીકરણ, સ્વાવલંબન અને સર્વાંગી સમૃદ્ધિ માટે અત્યંત મહત્વપૂર્ણ પુરવાર થઈ રહી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૦૭-૦૮થી શરૂ થયેલી આ કલ્યાણકારી યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૧.૯૬ લાખથી વધુ દૂધાળા પશુઓનું આદિજાતિ મહિલા લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું છે. ખાસ કરીને છેલ્લા ત્રણ વર્ષોમાં આ યોજનાએ અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે; જેમાં વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૩૦.૮૭ કરોડના ખર્ચે ૬,૮૬૦ મહિલાઓ, વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૭૮.૯૭ કરોડના ખર્ચે ૧૩,૬૧૬ અને વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૫૨.૪૪ કરોડના ખર્ચે ૯,૦૪૨ આદિજાતિ મહિલાઓ મળી કુલ રૂ. ૧૬૨.૨૮ કરોડના ખર્ચે ૨૯,૫૧૮ આદિજાતિ મહિલાઓને પશુપાલનના વ્યવસાય સાથે જોડીને પગભર કરવામાં આવી છે. ચાલુ વર્ષે ૨૦૨૬-૨૭માં પણ ૧૧,૨૦૬ મહિલા લાભાર્થીઓ માટે રૂ. ૬૫ કરોડની જોગવાઈ સાથે પ્રતિ લાભાર્થી રૂ. ૫૮ હજારની સહાય આપવાનું સરકાર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. 'સંકલિત ડેરી વિકાસ યોજના' હેઠળ આદિજાતિ મહિલાઓ પોતાના વિસ્તારની આદિજાતિ વિકાસ કચેરી મારફતે ખૂબ જ સરળતાથી ઓનલાઈન અરજી કરી શકે છે. યોજનાની જોગવાઈઓ અનુસાર, પ્રતિ પશુ-યુનિટ કુલ રૂ. ૯૦ હજારની કિંમત નક્કી કરવામાં આવી છે, જેમાં દૂધાળું પશુ, પશુ વીમો, ટ્રાન્સપોર્ટેશન, પશુ ખાણ-દાણ, પશુ સારવાર તથા વિશેષ વ્યવસાયિક તાલીમ જેવા તમામ પાસાંઓનો સમાવેશ થાય છે. આ યુનિટ કોસ્ટમાં લાભાર્થી બહેનોને રૂ. ૨૯,૦૦૦ ની લોન તેમજ કેન્દ્ર સરકારની સૂચિત સબસીડી પેટે રૂ. ૨૯,૦૦૦ અને રાજ્ય સરકારની સહાય પેટે રૂ. ૨૯,૦૦૦ મળવાપાત્ર થાય છે, જ્યારે લાભાર્થીએ માત્ર રૂ. ૩ હજારનો નજીવો ફાળો આપવાનો રહે છે. આ યોજનામાં સબસીડી અને સરળ ધિરાણની સુવિધાના પરિણામે આદિજાતિ કુટુંબને કુલ બે દૂધાળા પશુ આપવામાં આવે છે. વૈજ્ઞાનિક પશુપાલન પદ્ધતિઓની તાલીમ, પશુઓની યોગ્ય સંભાળ અને સ્થાનિક દૂધ મંડળીમાં દૈનિક ધોરણે દૂધ ભરાવવાથી લાભાર્થી પરિવારની નિયમિત રોજગારી અને આવક શરૂ થઈ જાય છે. પ્રથમ પશુ દ્વારા મળતી આવકમાંથી આદિજાતિ મહિલાઓ લોનની રકમનો ૬૦ ટકાથી વધુ હપ્તો સમયસર ભરપાઈ કરીને બીજા દૂધાળા પશુનો લાભ મેળવવા માટે પણ પાત્ર બને છે. બીજા પશુના ઉમેરા સાથે પરિવારમાં દૂધનું ઉત્પાદન અને આવક બમણી થાય છે. આમ, ઘરઆંગણે જ સાતત્યપૂર્ણ રોજીરોટી ઉપલબ્ધ થતાં આદિવાસી પરિવારોનું થતું બિનજરૂરી સ્થળાંતર પણ અસરકારક રીતે અટક્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર આદિજાતિ સમાજના સર્વાંગી ઉત્કર્ષ માટે સતત સંકલ્પબદ્ધ રહીને અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ કાર્યરત કરી રહી છે. આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલના કુશળ માર્ગદર્શન હેઠળ આ યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી સંપૂર્ણ પારદર્શિતા સાથે પહોંચાડવામાં આવી રહ્યો છે. પરિણામે, ૦ થી ૨૦નો સ્કોર ધરાવતા BPL આદિવાસી પરિવારોની મહિલાઓને 'સંકલિત ડેરી વિકાસ યોજના'ના માધ્યમથી પશુપાલન અને ડેરી ક્ષેત્રે આત્મનિર્ભર બનીને પ્રગતિના પંથે આગળ વધવાની એક નવી દિશા તથા પ્રેરણાદાયી તક સાંપડી છે. આજે આ યોજનાના માધ્યમથી રાજ્યની હજારો આદિજાતિ બહેનો દર મહિને સન્માનજનક આવક મેળવી રહી છે.

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી પૂર્વે નકસલમુક્ત વિસ્તારોના પર્યટકોએ ગિફ્ટ સિટીની મુલાકાત લીધી

આધુનિક નાણાકીય વ્યવસ્થા, અદ્યતન ટેકનોલોજી અને સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી થયા પરિચિત

કમલમ્, ગાંધીનગર

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાતની મુલાકાતે આવેલા મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાના નકસલમુક્ત વિસ્તારોના પર્યટકોએ બીજા દિવસે ગાંધીનગર સ્થિત ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી)ની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો હેતુ પર્યટકોને ગુજરાતની વિકાસયાત્રા, આધુનિક ટેકનોલોજી, વૈશ્વિક કક્ષાની નાણાકીય સેવાઓ અને અદ્યતન માળખાકીય સુવિધાઓથી પરિચિત કરાવવાનો હતો. ગિફ્ટ સિટી ભારતના આંતરરાષ્ટ્રીય નાણાકીય અને વ્યવસાયિક કેન્દ્ર તરીકે વિકસી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર (IFSC) તરીકે તે બેંકિંગ, વીમા, મૂડીબજાર અને ફિનટેક સહિતના ક્ષેત્રોમાં વૈશ્વિક સ્તરની સેવાઓને પ્રોત્સાહન આપે છે. પર્યટકોએ અહીંની આધુનિક કાર્યપ્રણાલી અને સુવ્યવસ્થિત માળખાકીય સુવિધાઓ વિશે જાણકારી મેળવી હતી. મુલાકાત દરમિયાન પર્યટકોને સૌપ્રથમ ગિફ્ટ સિટીના માસ્ટર પ્લાન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ ડિસ્ટ્રિક્ટ કૂલિંગ પ્લાન્ટ, ઘન કચરાના વ્યવસ્થાપન, પીવાલાયક પાણી અને પોટેબલ પાણીની પાઇપલાઇન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ગિફ્ટ સિટીની યુટિલિટી ટનલના વિભાગો તથા સીટીએમ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની મુલાકાત દરમિયાન આધુનિક ઉપયોગિતા વ્યવસ્થાઓ અને ટેક્નોલોજી આધારિત સંચાલન પદ્ધતિઓથી પર્યટકો અવગત થયા હતા. ગિફ્ટ સિટીના મેનેજર શ્રી સચિનભાઈ પટેલે પર્યટકોને ઓટોમેટેડ વેસ્ટ કલેક્શન પ્લાન અંગે માહિતી આપી હતી. આ સાથે સીસીટીવી સર્વેલન્સ અને ફાયર સેફ્ટી સિસ્ટમના નેટવર્ક સહિતની અદ્યતન સુરક્ષા વ્યવસ્થાઓ વિશે પણ જાણકારી મેળવી હતી. આ મુલાકાતથી પર્યટકોએ આધુનિક શહેરી આયોજન, પર્યાવરણલક્ષી વ્યવસ્થાપન અને ટેકનોલોજીના અસરકારક ઉપયોગ અંગે પ્રત્યક્ષ સમજ પ્રાપ્ત કરી હતી. મુલાકાત દરમિયાન પર્યટકોએ ગિફ્ટ સિટીની કાર્યપદ્ધતિ, આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓના સંચાલન અને ભારતની વૈશ્વિક આર્થિક ક્ષેત્રે વધતી તકો વિશે રસપૂર્વક જાણકારી મેળવી હતી. ગુજરાતમાં સાકાર થઈ રહેલા વિકાસલક્ષી પ્રકલ્પોને નજીકથી નિહાળવાની તક મળતાં પર્યટકોએ આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે પર્યટક શ્રી સંજયભાઈએ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, "અમારા સૌ માટે આ અદ્ભુત અનુભવ રહ્યો. અહીંની આધુનિક સુવિધાઓ અને ટેકનોલોજી વિશે જાણીને ઘણો આનંદ થયો. ખાસ કરીને સીસીટીવી અને ફાયર સેફ્ટી સિસ્ટમના નેટવર્ક વિશેની માહિતી અમારા માટે ખૂબ જ ઉપયોગી રહી. ગુજરાતનું ભવિષ્ય ખૂબ ઉજ્જવળ છે તેવો અનુભવ અમને આ મુલાકાતથી થયો છે." રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે આયોજિત આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ દેશના વિવિધ વિસ્તારોમાંથી આવેલા નાગરિકોને વિકાસના વિવિધ મોડેલોથી પરિચિત કરાવવાનો, પરસ્પર સમજણ વધારવાનો અને રાષ્ટ્રીય એકતા તથા અખંડિતતાની ભાવનાને વધુ મજબૂત કરવાનો છે. ગિફ્ટ સિટીની મુલાકાતે પર્યટકોને આધુનિક ભારતના આર્થિક માળખા અને વિકાસની નવી સંભાવનાઓનો પ્રત્યક્ષ પરિચય કરાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાના નકસલમુક્ત વિસ્તારોમાંથી આવેલા આ પર્યટકો આગામી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ નર્મદા જિલ્લાના એકતાનગર (કેવડિયા) ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે યોજાનારા 'રાષ્ટ્રીય એકતા દિવસ'ના કાર્યક્રમમાં સહભાગી થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાનારી આ ઉજવણી દરમિયાન પર્યટકો રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના શપથ લઈને દેશની એકતા, અખંડિતતા અને સમરસતાના સંકલ્પને વધુ દ્રઢ બનાવશે.

ગાંધીનગર જિલ્લાના ખેડૂતો માટે 'મિશન મધમાખી' અંતર્ગત તાલીમ કાર્યક્રમ યોજાયો

મધમાખી પાલનના વ્યવસાય માટે આવશ્યક સાધનસામગ્રી, વૈજ્ઞાનિક પદ્ધતિઓ, વ્યવસ્થાપન તથા બજારલક્ષી તકો અંગે આપવામાં આવ્યું વિશેષ માર્ગદર્શન

કમલમ્, ગાંધીનગર

ખેડૂતોને મધમાખી પાલનના વ્યવસાય તરફ પ્રોત્સાહિત કરવા, તેમની આવકમાં વધારો કરવા તથા બાગાયતી પાકોના ઉત્પાદનમાં પરાગનયનની અગત્યતા અંગે જાગૃતિ લાવવાના હેતુથી 'મિશન મધમાખી' કાર્યક્રમ અંતર્ગત તા. ૨૭/૧૦/૨૦૨૬ના રોજ નાયબ બાગાયત નિયામકની કચેરી, ગાંધીનગર અને સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાના આશરે ૧૦૪ ખેડૂતો માટે મધમાખી પાલન અંગેની તાલીમનું આયોજન દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં કૃષિ યુનિવર્સિટીના કીટકશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક અને વડા શ્રી પી. એચ. રબારીએ મધમાખીઓના કુટુંબની રચના, ઉછેર, સંચાલન તથા ઋતુ અનુસાર મધમાખી વસાહતોની જાળવણી અને વ્યવસ્થાપન અંગે ખેડૂતોને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. મદદનીશ પ્રાધ્યાપક ડૉ. ભૂમિ બારડે મધમાખીઓ દ્વારા થતા પરાગનયનનું મહત્વ સમજાવી, વિવિધ બાગાયતી અને કૃષિ પાકોના ઉત્પાદન તથા ગુણવત્તા સુધારવામાં મધમાખીઓની ભૂમિકા અંગે માહિતી આપી હતી. જ્યારે મદદનીશ પ્રાધ્યાપક ડૉ. એમ. જે. જોષીએ મધમાખીઓની વિવિધ પ્રજાતિઓ, તેમના ઉછેરની પદ્ધતિઓ તેમજ મધ, મીણ અને અન્ય મધમાખીજન્ય પેદાશો દ્વારા ઉપલબ્ધ થતી આવકની તકો વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. યુનિવર્સિટી ખાતેના મધ પ્રોસેસિંગ એકમની પણ ખેડૂતો દ્વારા મુલાકાત કરવામાં આવી હતી. તાલીમાર્થી ખેડૂતોને બનાસ ડેરી ફૂડ કોમ્પ્લેક્સ, બદરપુરા, પાલનપુર ખાતે આવેલા મધ પ્રોસેસિંગ પ્લાન્ટની મુલાકાત પણ કરાવવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન મધના સંગ્રહ, પ્રોસેસિંગ, ગુણવત્તા જાળવણી અને મૂલ્યવર્ધન સહિતની વિવિધ પ્રક્રિયાઓ અંગે પ્રત્યક્ષ માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત, કેન્દ્રના વિવિધ એકમોની કામગીરીથી ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા અને મધમાખી પાલનના વ્યવસાયમાં જરૂરી સાધનસામગ્રી, વૈજ્ઞાનિક પદ્ધતિઓ, વ્યવસ્થાપન તથા બજારલક્ષી તકો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમ દ્વારા ખેડૂતોને મધમાખી પાલનને પૂરક અને આવકવર્ધક વ્યવસાય તરીકે અપનાવવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. સાથે જ, મધમાખી પાલન દ્વારા વધારાની આવક ઊભી કરવા અને પાકોમાં પરાગનયનની પ્રક્રિયાને પ્રોત્સાહન આપી કૃષિ તથા બાગાયતી ક્ષેત્રની ઉત્પાદકતા વધારવા અંગે ઉપયોગી જ્ઞાન આપવામાં આવ્યું હતું. આ પ્રકારના તાલીમ કાર્યક્રમો ખેડૂતોને આધુનિક અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ અપનાવવા તેમજ કૃષિ સાથે સંલગ્ન નવા વ્યવસાયોની તકોનો લાભ લેવા માટે માર્ગદર્શક બની રહેશે.

ગાંધીનગર ખાતે 'વંદે માતરમ કેમ્પ' અંતર્ગત 'યુવા સંવાદ' કાર્યક્રમ યોજાયો

છ રાજ્યોના યુવાનોએ ગાંધીનગરના જિલ્લા કલેક્ટર શ્રી રવિન્દ્ર ડી. ખતાલે સાથે કર્યો પ્રેરક સંવાદ

કમલમ્,

ગાંધીનગર ખાતે આયોજિત ભવ્ય 'વંદે માતરમ કેમ્પ' અંતર્ગત 'યુવા સંવાદ' કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દેશના અલગ-અલગ છ રાજ્યોમાંથી આવેલા ઉત્સાહી યુવા સહભાગીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે ગાંધીનગરના જિલ્લા કલેક્ટર શ્રી રવિન્દ્ર ડી. ખતાલે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યુવાનો સાથે "દબાણ હેઠળ નેતૃત્વ: નિર્ણયશક્તિ, અખંડિતતા અને કટોકટી સંચાલન" વિષય પર ઊંડાણપૂર્વક સાર્થક ચર્ચા કરી હતી. સંવાદ સત્ર દરમિયાન યુવાનોએ કલેક્ટરશ્રીની દૈનિક કાર્યશૈલી, કટોકટીના સમયમાં નિર્ણયો કેવી રીતે લેવાય છે અને આપાતકાલીન પરિસ્થિતિઓમાં પ્રાથમિકતાઓ કેવી રીતે નક્કી થાય છે તે અંગે સવાલો પૂછ્યા હતા. કલેક્ટરશ્રીએ વહીવટીતંત્ર, નોકરશાહી, સુશાસન અને શાસનમાં યુવાનોની ભૂમિકા વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત, તેમણે યુપીએસસી સિવિલ સેવા પરીક્ષાની તૈયારી માટેની યોગ્ય રણનીતિઓ પણ યુવાનો સમક્ષ રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં 'મેરા યુવા ભારત' ગુજરાતના રાજ્ય નિયામક શ્રી સચિન શર્મા અને ગાંધીનગરના જિલ્લા યુવા અધિકારી સુશ્રી વર્ષા રોઘા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સહાયક નિયામક શ્રી શ્રેયાંશ સિંહ અને નવસારીના જિલ્લા યુવા અધિકારી સુશ્રી અમૃતા સુરાણા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. આ સંવાદથી યુવાનોને વહીવટી પ્રણાલીને નજીકથી સમજવાની અને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવાની એક અદ્ભુત તક મળી રહી હતી.

સ્પેક કેમ્પસ દ્વારા અંધજન મંડળના સભ્યો સાથે નવરાત્રીની આનંદમય ઉજવણી

કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક), બાકરોલમાં નેશનલ સર્વિસ સ્કીમ (NSS) સેલ દ્વારા નવરાત્રી મહોત્સવ દરમિયાન અંધજન મંડળના સભ્યો માટે ગરબા ગ્રાઉન્ડની મુલાકાતનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલના ભાગરૂપે હાર્ટ કિલર ખાતે ગરબા ગ્રાઉન્ડની મુલાકાત કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન અંધજન મંડળના દિવ્યાંગ ભાઈ-બહેનો ગરબા મહોત્સવનો સુરક્ષિત, સુગમ અને આનંદદાયક અનુભવ મેળવી શકે તે માટે જરૂરી વ્યવસ્થાઓ, સુરક્ષા અને સંકલન અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમનાં સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અમદાવાદ ખાતે ઓઢવ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન (OIA) દ્વારા આયોજિત OIA એક્સીલન્સ એવોર્ડ્સ તથા OIA ડિરેક્ટરી-૨૦૨૬ના અનાવરણ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ઉદ્યોગકારોના યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું. આ અવસરે શ્રી વિશ્વકર્માએ કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતને આત્મનિર્ભર અને વૈશ્વિક સ્તરે અગ્રેસર ઔદ્યોગિક શક્તિ બનાવવાના સંકલ્પને સાકાર કરવામાં સ્થાનિક ઉદ્યોગકારોની ભૂમિકા મહત્વપૂર્ણ છે. 'મેક ઇન ઇન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' જેવી પહેલો ઉદ્યોગકારોને નવી તકો પૂરી પાડવાની સાથે ઉત્પાદન, નવીનતા અને રોજગારી સર્જનને પ્રોત્સાહન આપે છે. OIA એક્સીલન્સ એવોર્ડ્સ જેવા આયોજનો ઉદ્યોગકારોની સિદ્ધિઓને પ્રોત્સાહિત કરવાની સાથે ઉદ્યોગજગતના પરસ્પર સંકલન અને વિકાસની નવી તકોને વેગ આપે છે. આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા પણ ઉપસ્થિત રહ્યા હતાં.

સ્પેક- એસ.પી.સી.એ.એમ., બાકરોલમાં ક્લાઉડ ટુ જનરેટિવ એ.આઈ. વર્કશોપનું આયોજન કરાયું

કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ(SPCAM), બાકરોલમાં આઈ.ક્યુ.એ.સી. સેલ અંતર્ગત બી.સી.એ.ના વિદ્યાર્થીઓ માટે 'ક્લાઉડ ટુ જનરેટિવ એ. આઈ વિથ આઈ.બી.એમ. ગ્રેનાઈટ મોડેલ્સ' સાથેનો પ્રાયોગિક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓને ક્લાઉડ કમ્પ્યુટિંગ, જનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (જનરેટિવ એ.આઈ.), એજન્ટિક એ.આઈ. અને આઈ.બી.એમ. ગ્રેનાઈટ મોડેલ્સ અંગે પ્રાયોગિક જ્ઞાન અને ટેકનિકલ સમજ પ્રદાન કરવાનો હતો. કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ. સુયોગ ઉપાસની, આઈ.ક્યુ.એ.સી. કો–ઓર્ડિનેટર ડૉ. કલ્પેશ ગોહિલ અને કાર્યક્રમ કો–ઓર્ડિનેટર શ્રીમતી ભાવિષા પરવાડિયા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ડૉ. હિરેન મોઢાં (માસ્ટર ટ્રેનર, એજ્યુકેશન ફાઉન્ડેશન) દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને વિવિધ આધુનિક ટેક્નોલોજીનો પ્રાયોગિક પરિચય આપ્યો હતો. ઈન્ટરેક્ટિવ અને હેન્ડ્સ-ઓન પ્રવૃત્તિઓ દ્વારા

વિદ્યાર્થીઓને નવીન ટેકનોલોજી સાથે કામ કરવાની તક મળી હતી. આ કાર્યક્રમનાં સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

સ્પેક એન્જિનિયરિંગ, બાકરોલ દ્વારા આઈબીએમ સ્કિલ્સબિલ્ડ હેકાથોનમાં વિજેતા સ્થાન થયું

કમલમ્,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક), બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી કોલેજના વિદ્યાર્થીઓએ IBM SkillsBuild Hackathonમાં ગુજરાત રાજ્ય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને વિજેતા સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ હેકાથોનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નવીન વિચારો, સર્જનાત્મકતા, ટેકનિકલ કૌશલ્ય, સમસ્યા ઉકેલવાની ક્ષમતા અને ટીમવર્કને પ્રોત્સાહન આપવાનો હતો. આ સ્પર્ધામાં ગુજરાતની ૨૬ કોલેજોની ૫૦૦ થી વધુ ટીમોએ ભાગ લીધો હતો. SPCET કોલેજની બે ટીમોના કુલ છ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી, જેમાંથી એક ટીમે વિજેતા સ્થાન પ્રાપ્ત કરીને કોલેજનું નામ ગૌરવવંતું બનાવ્યું છે. આ સફળતા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. નાનકપમનાણી, વાઈસ પ્રિન્સિપાલ અને આઈ.ક્યુ.એ.સી. કો-ઓર્ડિનેટર ડૉ. ઋત્વિજ જોશીના તથા CSE વિભાગના હેડ અને આઈબીએમ સ્કિલ્સબિલ્ડ ના માર્ગદર્શન અને સહયોગથી શક્ય બની હતી. વિજેતા ટીમમાં વ્રજ વ્યાસ, ધ્યન દેસાઈ અને દર્શન સુથારનો સમાવેશ થાય છે. જ્યારે બીજી પસંદગી પામેલી ટીમમાં નિરજલા દીક્ષિત, કુંજ પનારા અને શર્માઓમનો સમાવેશ થાય છે. SPCET દ્વારા વિદ્યાર્થીઓમાં નવીનતા, ટેક્નિકલ કૌશલ્ય, સંશોધન અને ઉદ્યોગલક્ષી ક્ષમતાઓના વિકાસ માટે સતત પ્રોત્સાહન આપવામાં આવે છે. આ સફળતા કોલેજની ગુણવત્તાસભર શિક્ષણ અને વિદ્યાર્થી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છેઆ કાર્યક્રમનાં સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ તથા સ્પેક મેનેજમેન્ટ દ્વારા હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે નકસલ પ્રભાવિત ક્ષેત્રના પર્યટકોએ ગાંધીનગરના સરિતા ઉદ્યાન અને અક્ષરધામ મંદિરની મુલાકાત લીધી

વડાપ્રધાનશ્રીના કેવડિયા આગમન પૂર્વે દેશભક્તિનો માહોલ: નક્સલમુક્ત ભારત મિશનના સંદેશ સાથે પ્રવાસીઓએ સરિતા ઉદ્યાનની હરિયાળી અને અક્ષરધામની ભવ્યતા નિહાળી

અક્ષરધામ મંદિરમાં દર્શન દરમિયાન ત્યાં વર્ણિત "જ્યાં પ્રેમ છે ત્યાં ભય નથી" એ વાક્ય અને તેનો ભાવાર્થ મને સ્પર્શી ગયો : સાહિલ ગોવર્ધન

મુલાકાતીઓએ ગાંધીનગરના વિકાસ-પ્રકૃતિના સંગમની સરાહના કરી; સંવાદ દરમિયાન અનુભવો શેર કરતા કહ્યું – "રાષ્ટ્રના મુખ્ય પ્રવાહ અને શાંતિના માર્ગે જોડાવાનો આ અદ્ભુત અનુભવ"

કમલમ્, ગાંધીનગર

ગુજરાતની હરિયાળી રાજધાની ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય એકતાના અનોખા દ્રશ્યો જોવા મળ્યા હતા, જ્યાં નકસલ પ્રભાવિત ક્ષેત્રમાંથી આવેલા પર્યટકોએ ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહર અને આધુનિક વિકાસનો પરિચય મેળવ્યો હતો. રાષ્ટ્રીય એકતા દિવસની આગામી ઉજવણીના પૂર્વાર્ધ રૂપે આયોજિત આ મુલાકાત દરમિયાન પ્રવાસીઓએ ગાંધીનગરના પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર સરિતા ઉદ્યાન અને ભારતીય સંસ્કૃતિના પ્રતીકસમા વિશ્વપ્રસિદ્ધ અક્ષરધામ મંદિરની ભાવપૂર્વક મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય અંતરિયાળ અને સંવેદનશીલ વિસ્તારોના નાગરિકોને રાષ્ટ્રના મુખ્ય પ્રવાહ, શાંતિ અને ભવ્ય વારસા સાથે જોડવાનો રહ્યો છે. ગાંધીનગરની મુલાકાત દરમિયાન પર્યટકોએ સાબરમતી નદીના કિનારે આવેલા સરિતા ઉદ્યાન ખાતે પ્રકૃતિના ખોળે આહલાદક ક્ષણો વિતાવી હતી અને ગુજરાતની 'ગ્રીન સિટી' વિભાવનાને બિરદાવી હતી. ત્યારબાદ તેઓએ અક્ષરધામ મંદિર ખાતે ભારતીય સ્થાપત્ય કલા, સનાતન સંસ્કૃતિ અને મૂલ્યનિષ્ઠ જીવનશૈલી દર્શાવતા પ્રદર્શન તથા વોટર શોની ભવ્યતા નિહાળી હતી. મુલાકાત વેળાએ વિશેષ સંવાદ કરતાં નક્સલપ્રભાવિત વિસ્તારોમાંથી આવેલા યુવાનો અને નાગરિકોએ પોતાના અનુભવો ઉત્સાહપૂર્વક શેર કર્યા હતા. મહારાષ્ટ્રના ગઢચિરૌલી વિસ્તારથી આવેલા જણાવ્યું હતું કે, "ગુજરાતમાં આવીને અક્ષરધામની શાંતિ અને સરિતા ઉદ્યાનની હરિયાળી જોઈને મનને અદ્ભુત શાંતિ મળી છે. વિકાસ અને પ્રેમ શું કહેવાય તેનો અનુભવ આજે અમને અહીં થયો છે." મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાંથી ગુજરાતની મુલાકાતે આવેલ સાહિલ ગોવર્ધને ગાંધીનગર સ્થિત અક્ષરધામ સ્વામિનારાયણ મંદિરની મુલાકાત બાદ પોતાનો ઉત્સાહપૂર્ણ અનુભવ શેર કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર અને અમદાવાદની આ બે દિવસીય યાત્રા ખૂબ જ અદ્ભુત રહી છે. અક્ષરધામ મંદિરમાં દર્શન દરમિયાન તેમને ત્યાં વર્ણિત "જ્યાં પ્રેમ છે ત્યાં ભય નથી" એ વાક્ય અને તેનો ભાવાર્થ સ્પર્શી ગયો હતો. સાહિલે ગુજરાત સરકારનો આભાર માનતા કહ્યું હતું કે, સરકારે તેમને અહીં આવવાની તક આપી અને તેમના ખાણીપીણી તથા આતિથ્યભાવની ઉત્તમ વ્યવસ્થાઓ કરી છે, જે બદલ તેઓ સરકારના ખૂબ ખૂબ આભારી છે. આ પ્રવાસના માધ્યમથી નક્સલ પ્રભાવિત વિસ્તારોના યુવાનોમાં રાષ્ટ્રીય અસ્મિતા, સાંસ્કૃતિક વિકાસ અને એકતાની ભાવના પ્રબળ બની છે, જે તેઓના વિસ્તારોમાં શાંતિ અને વિકાસના નવા યુગનો પ્રારંભ કરવા માટે પ્રેરણારૂપ સાબિત થશે. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ નર્મદા જિલ્લાના એકતાનગર, કેવડિયા ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં "રાષ્ટ્રીય એકતા દિવસ"ની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે.

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે યોજાનારા આ કાર્યક્રમમાં સમગ્ર દેશમાંથી લોકો એકતાના શપથ લેશે. આ રાષ્ટ્રીય પર્વને અનુલક્ષીને વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત વિવિધ ક્ષેત્રના નાગરિકો ગુજરાતના પ્રવાસન અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈ રહ્યા છે.

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર ખાતે અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી પશ્ચિમ ઝોન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ (પુરુષ અને મહિલા) ૨૦૨૬–૨૭નો ભવ્ય પ્રારંભ

કમલમ્,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર ખાતે તા. ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી પશ્ચિમ ઝોન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ (પુરુષ અને મહિલા) ૨૦૨૬–૨૭નો ભવ્ય પ્રારંભ થયો હતો. તા. ૨૬ થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાનારી આ ચેમ્પિયનશિપમાં દેશભરની ૧૦૦થી વધુ યુનિવર્સિટીઓના અંદાજે ૫૦૦ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે, જેમાં ૩૦૦થી વધુ પુરુષ અને ૨૦૦થી વધુ મહિલા ખેલાડીઓનો સમાવેશ થાય છે. ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગોવા તેમજ દમણ અને દીવ સહિત વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની યુનિવર્સિટીઓના ખેલાડીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે.

ચેમ્પિયનશિપનો ઉદ્ઘાટન સમારોહ તા. ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યસભાના માનનીય સાંસદ શ્રી મયંકભાઈ નાયક મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મહેસાણાના નાયબ પોલીસ અધિક્ષક શ્રી જય કંસારા તથા ભારતીય યુનિવર્સિટીઓના સંગઠનના રમતગમત વિભાગના નિરીક્ષક ડૉ. અબ્દુલ અઝીઝ ખાન વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે સંગઠનના રમતગમત વિભાગના સંયુક્ત સચિવ ડૉ. સિંકુ કુમાર સિંહ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય રેફરી તથા અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી પશ્ચિમ ઝોન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬–૨૭ના સ્પર્ધા નિયામક શ્રી જી. પી. શર્મા, ભારતીય વેઈટલિફ્ટિંગ મહાસંઘની કાર્યકારી સમિતિના સભ્ય તથા ગુજરાત રાજ્ય વેઈટલિફ્ટિંગ મંડળના સચિવ ડૉ. મયૂર પટેલ તેમજ અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી પશ્ચિમ ઝોન વેઈટલિફ્ટિંગની તકનીકી સમિતિના સંયોજક અને ગુજરાતના શારીરિક શિક્ષણ ફાઉન્ડેશનના સચિવ ડૉ. આકાશસિંહ ગોહિલ વિશેષ મહેમાનો તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન પ્રસંગે શ્રી મયંકભાઈ નાયકે ખેલાડીઓનો ઉત્સાહ વધારતાં તેમને સંપૂર્ણ સમર્પણ, શિસ્ત અને આત્મવિશ્વાસ સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કરવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે ખેલાડીઓને રમતગમતના ક્ષેત્રમાં સતત મહેનત કરીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના માનનીય પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલે ખેલાડીઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક રમતોત્સવ જેવી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે ભારતીય રમતવીરોને તૈયાર કરવા પાયાના સ્તરેથી પ્રતિભાની ઓળખ કરી તેમને યોગ્ય તાલીમ, માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવું અત્યંત આવશ્યક છે. સાંકળચંદ પટેલ યુનિવર્સિટી રમતગમત ક્ષેત્રે પ્રતિભાશાળી ખેલાડીઓને જરૂરી સુવિધાઓ, પૂરતું માર્ગદર્શન અને પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છે. યુનિવર્સિટીનો ઉદ્દેશ યુવા રમતવીરોને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ પ્રદર્શન કરવા અને દેશનું ગૌરવ વધારવા માટે સક્ષમ બનાવવાનો છે. ચેમ્પિયનશિપના પ્રથમ દિવસની સ્પર્ધાઓ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી.

આંતર-યુનિવર્સિટી રમતગમત સ્પર્ધાઓ યુવા રમતવીરોને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવા, રમતગમતની ભાવના વિકસાવવા અને રાષ્ટ્રીય સ્તરે આગળ વધવા માટે મહત્વપૂર્ણ મંચ પુરુ પાડે છે. સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે યોજાયેલ આ ચેમ્પિયનશિપ રમતવીરોમાં નવી ઊર્જા, આત્મવિશ્વાસ, શિસ્ત અને શ્રેષ્ઠ પ્રદર્શન કરવાની ભાવનાનો સંચાર કરી રહી છે. આ આયોજન દ્વારા યુનિવર્સિટીએ રમતગમત અને યુવા પ્રતિભાના વિકાસ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણી પૂર્વે મહારાષ્ટ્રના નકસલમુકત થયેલા વિસ્તારોનાં નાગરિકોનું પ્રતિનિધિ મંડળ રાજકોટની મુલાકાતે

ગાંધીજીની ભૂમિ પર આવીને ધન્યતાની લાગણી અનુભવી - વિકાસ માટે ભાઈચારાની ભાવના અને શાંતિ ખૂબ જરૂરીઃ પ્રતિનિધિ મંડળ

કમલમ્, રાજકોટ

આગામી ૩૧ ઓક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિનની ભવ્ય ઉજવણી થનાર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ગરિમામયી ઉપસ્થિતિમાં યોજાનાર આ કાર્યક્રમમાં સમગ્ર દેશમાંથી લોકો ભાગ લેશે અને એકતાના શપથ લેશે. આ રાષ્ટ્રીય પર્વને અનુલક્ષીને વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત દેશનાં નક્સલમુક્ત થયેલા વિવિધ પ્રદેશનાં નાગરિકો ગુજરાતના પ્રવાસન અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈ રહ્યા છે. આ ઉપક્રમ હેઠળ આજે મહારાષ્ટ્રના નક્સલમુક્ત થયેલા વિસ્તારોમાંથી આવેલા નાગરિકોના એક મંડળે રાજકોટના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હતી. ગુજરાત અને રાજકોટમાં થયેલા વિકાસ, અહીંના શાંતિપૂર્ણ માહોલ, કળા સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાનાં સંવર્ધનને જોઈને આનંદની લાગણી વ્યક્ત કરી હતી. મહારાષ્ટ્રમાંથી આવેલા આ ૧૧ જેટલા મુલાકાતીઓએ આજે બપોર પછી મહાત્મા ગાંધી મ્યુઝિયમની મુલાકાત લીધી હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી જે સ્કૂલમાં ભણ્યા હતા, એ ઐતિહાસિક સ્થળની મુલાકાત લઈને તેઓએ ગૌરવની અનુભૂતિ કરી હતી. ગાંધીજીના જીવન પ્રસંગો, જીવન સંદેશ અને ૧૧ મહાવ્રતની ઝાંખી આપતી વિવિધ ગેલેરીઓમાંથી પસાર થતી વખતે આ પ્રતિનિધિમંડળ જાણે ગાંધીયુગના એ કાળખંડમાં ખોવાઈ ગયું હતું. "ગુજરાતે મહાત્મા ગાંધીજી અને પોતાનો સાંસ્કૃતિક, ઐતિહાસિક વારસો સાચવીને રાખ્યો છે અને એ નિહાળીને ખૂબ આનંદ થાય છે", તેમ યવતમાળ જિલ્લાના ટાંકળી ગામના યુવક શ્રી રામલખન રાઠોડે જણાવ્યું હતું. મહારાષ્ટ્રના જ ગોંદિયાના શ્રી આશિષ વંજારીયાએ કહ્યું હતું કે, "મહાત્મા ગાંધીએ જ્યાં અભ્યાસ કર્યો અને સત્યનું પાલન કરવાની દ્રઢતા જ્યાં કેળવાઈ, એ ભૂમિ પર આવવાનો અવસર મળ્યો એ અમારા માટે સૌભાગ્યની વાત છે. આ મ્યુઝિયમ આવનારી પેઢીને મહાત્મા ગાંધીનાં સિધ્ધાંતોની સમજ, સંદેશ તેમજ પ્રેરણા આપશે." "આ ભૂમિ પર આવીને ધન્યતા અનુભવું છું.." આ શબ્દો સાથે ચંદ્રપુર જિલ્લા મથકના રહીશ મંગેશ ભોંગાડેએ મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહથી જે ગુજરાતની ધરતી પાવન થઈ છે, એ ભૂમિ પર આવવાની તક આપવા બદલ ગુજરાત સરકારનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ મુલાકાતીઓએ રાજકોટ આવ્યા બાદ સૌ પ્રથમ વોટસન મ્યુઝિયમની મુલાકાત લીધી હતી. અહીં પ્રાગ ઐતિહાસિક કાળના અવશેષોથી લઈને સંગ્રહિત વિવિધ વસ્તુઓ, નમૂનાઓ તેઓએ રસપૂર્વક નિહાળ્યા હતા. એક જ મ્યુઝીયમમાં આટલો વૈવિધ્યસભર ઐતિહાસિક વારસો સચવાયો છે તે જોઈને આ સભ્યોએ આનંદ વ્યક્ત કર્યો હતો અને દેશમાં આ પ્રકારના મ્યુઝિયમ ઓછા હોવાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લાના દામપુર મોહદા ગામના સરપંચ તથા ખેડૂત શ્રી નારાયણ વાઘમારેએ જણાવ્યું હતું કે, આ મ્યુઝિયમમાં ભારતના ઈતિહાસથી લઈને સાંસ્કૃતિક વૈવિધ્યની ઝાંખી જોવા મળે છે. આવા મ્યુઝિયમથી ઈતિહાસ જીવંત રહે છે. તે આપણા ઐતિહાસિક વારસાનું ગૌરવ કરાવે છે. તેમણે રાજકોટના રોટરી ડોલ્સ મ્યુઝિયમની મુલાકાત પણ લીધી હતી. અહીં ૧૦૮ દેશની ૧૬૦૦થી વધુ ઢીંગલીઓના પ્રદર્શન અને તેના સંગ્રહ પાછળની અનોખી સ્ટોરીઝ સાંભળીને પ્રતિનિધિ મંડળે સાનંદ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. આ તકે ચંદ્રપુર જિલ્લાના જીવતી તાલુકા મથકના વેપારી શ્રી ગોવિંદ ટોકરેએ જણાવ્યું હતું કે, આ એકદમ અનોખું મ્યુઝિયમ છે. અહીં ઢીંગલીઓના માધ્યમથી વિશ્વભરના વિવિધ સમાજની સંસ્કૃતિઓની ઝલક જોવા મળે છે. રાજકોટ અને ગુજરાતના અનુભવ વિશે વાત કરતા તેમણે કહ્યું હતું કે, અહીંની પ્રજા હળીમળીને ભાઈચારાથી અને શાંતિથી રહે છે અને દેશના વિકાસ માટે આવું વાતાવરણ જરૂરી છે. મહારાષ્ટ્રનાં નક્સલમુક્ત થયેલા વિસ્તારોનાં વેપારીઓ, જનપ્રતિનિધિઓ, અગ્રણી નાગરિકોનાં આ પ્રતિનિધિ મંડળે ગુજરાત અને રાજકોટમાં થયેલા વિકાસની પણ મુક્તમને પ્રશંસા કરી હતી. આગામી દિવસોમાં આ મુલાકાતીઓ સોમનાથ સહિતના સૌરાષ્ટ્રના વિવિધ સ્થળોની મુલાકાત લઈ કેવડિયા પરત ફરશે અને એકતા દિનની ઉજવણીમાં સામેલ થશે.

ટ્રેઈલ ઑફ યુનાઈટેડ ઈન્ડિયા'માં વન્યજીવન, યુવા, મહિલા સશકિતકરણ, વારસો અને આધ્યાત્મિકતાની થીમ સાથે પાંચ ઝોન વિકસાવાયા

કમલમ્, ગાંધીનગર

સ્ટેચ્યુ ઑફ યુનિટીની ભવ્યતા નિહાળ્યા બાદ હવે એકતા નગરના પ્રવાસીઓ પ્રકૃતિના સાનિધ્યમાં ભારતની 'વિવિધતામાં એકતા'ની ભાવનાને પણ અનુભવી શકશે. એકતાનગરના પ્રવાસન આકર્ષણોમાં વધુ એક ઉમેરો કરવામાં આવ્યો છે. અહીં ૨.૬૨ કિલોમીટર લાંબી અનોખી ફોરેસ્ટ ઈકો-ટ્રેઈલ વિકસાવવામાં આવી છે. 'ટ્રેઈલ ઑફ યુનાઈટેડ ઈન્ડિયા' નામની આ ઈકો-ટ્રેઈલમાં પ્રકૃતિ, વન્યજીવન, મહિલા સશક્તિકરણ, યુવા, ભારતીય વારસો અને આધ્યાત્મિકતાની ઝલક જોવા મળશે. આગામી ૩૧ ઑક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી આ પ્રવાસન આકર્ષણ પ્રવાસીઓ માટે ખુલ્લું મૂકશે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઑફ યુનિટીએ એકતાનગરને વૈશ્વિક પ્રવાસનના નકશા પર વિશિષ્ટ ઓળખ અપાવી છે. પ્રતિમાના ઉદ્ઘાટનથી અત્યારસુધીમાં ત્રણ કરોડથી વધુ પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત લઈ ચૂક્યા છે. પ્રવાસીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને સ્ટેચ્યુ ઑફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગવર્નન્સ ઑથોરિટી (SoUADTGA) દ્વારા એકતાનગરમાં પ્રવાસન સુવિધાઓ અને નવાં આકર્ષણોનો સતત વિકાસ કરી રહી છે. આ જ દિશામાં આગળ ધપતા સ્ટેચ્યુ ઑફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગવર્નન્સ ઑથોરિટીએ લીમડી ગામ ઈકો-ટ્રેઈલ વિકસાવી છે. જે પ્રવાસીઓને પ્રકૃતિની વચ્ચે ફરવાની સાથે ભારતની સાંસ્કૃતિક વિવિધતા અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ પણ આપશે.

પાંચ થીમેટિક ઝોનમાં ભારતની વિવિધતાની ઝલક

'ટ્રેઈલ ઑફ યુનાઈટેડ ઈન્ડિયા'ની વિશેષતા તેના પાંચ થીમેટિક ઝોન છે. વન્યજીવન અને પ્રકૃતિ, યુવા, મહિલા સશક્તિકરણ, વારસો અને આધ્યાત્મિકતા—આ પાંચ વિષયોને કેન્દ્રમાં રાખીને ટ્રેઈલ પર વિવિધ થીમ આધારિત પ્રદર્શનો અને કલાત્મક શિલ્પોની સ્થાપના કરવામાં આવી છે. આ ઝોન પ્રવાસીઓને ભારતની પ્રાકૃતિક સમૃદ્ધિ, સામાજિક પ્રગતિ, સાંસ્કૃતિક વારસો અને આધ્યાત્મિક પરંપરાઓની ઝાંખી કરાવશે. આ ટ્રેઈલ પર્યટકો માટે પ્રકૃતિ અને રાષ્ટ્રીય એકતાના સંદેશને જોડતો એક વિશિષ્ટ અનુભવ બની રહેશે. પ્રવાસીઓ લીલાંછમ જંગલો વચ્ચે પગપાળા ભ્રમણ કરતાં વિવિધ થીમ આધારિત સ્થાપત્યો નિહાળી શકશે તેમ જ પ્રકૃતિ સાથે સમય વિતાવી શકશે.

પ્રવાસીઓ માટે આધુનિક સુવિધાઓનો પણ સમાવેશ

ઈકો-ટ્રેઈલને પ્રવાસીઓ માટે વધુ સુવિધાજનક બનાવવા આકર્ષક પ્રવેશદ્વાર, પાર્કિંગ, ટિકિટ બૂથ અને માહિતી કેન્દ્ર સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવી છે. આ ઉપરાંત, મલ્ટી-પર્પઝ ગઝેબો, બાયો-ટોઈલેટ્સ, પીવાના પાણીની વ્યવસ્થા, વાંસનો વૉચ ટાવર, દિશાસૂચક અને માહિતીદર્શક સાઈનબોર્ડ, પથ્થરનાં બેઠક સ્થળો તથા ટ્રેઈલના નકશાની સુવિધા પણ ઊભી કરવામાં આવી છે. આ વ્યવસ્થાઓને કારણે પ્રવાસીઓને વનવિસ્તારમાં સરળતાથી ભ્રમણ કરવાની અને વિવિધ સ્થળો વિશે માહિતી મેળવવાની સુવિધા મળશે.

ઈકો-ટુરિઝમને મળશે પ્રોત્સાહન

એકતાનગરમાં ઈકો-ટ્રેઈલના વિકાસથી પ્રકૃતિ આધારિત પ્રવાસનને વેગ મળવાની સાથે પર્યાવરણ અને જૈવવિવિધતા અંગેની જાગૃતિ પણ વધશે. પ્રવાસીઓને વન્યજીવનનું નિરીક્ષણ, પ્રકૃતિ વચ્ચે ભ્રમણ અને પર્યાવરણ વિશે જાણકારી મેળવવાની તક મળશે. પગપાળા પ્રવાસ અને ટ્રેકિંગ જેવી પ્રવૃત્તિઓ પર્યટકોને પ્રકૃતિના સાનિધ્યનો અનુભવ કરાવશે તેમ જ સ્વાસ્થ્ય-લાભની તક પૂરી પાડશે. આ ઉપરાંત, પ્રવાસીઓને નવા ડેસ્ટિનેશન ઉપલબ્ધ થવાથી એકતાનગરમાં તેમના રોકાણના સમયગાળામાં વધારો થવાની શક્યતાઓ વધશે. જેથી પ્રવાસન પ્રવૃત્તિઓના વિસ્તરણથી સ્થાનિક સમુદાયો માટે રોજગારી અને આજીવિકાની નવી તકો ઊભી કરવામાં પણ મદદ મળશે. સ્ટેચ્યુ ઑફ યુનિટી અને સરદાર સરોવર વિસ્તારનાં આકર્ષણોની સાથે હવે 'ટ્રેઈલ ઑફ યુનાઈટેડ ઈન્ડિયા' એકતાનગરના પ્રવાસન અનુભવને વધુ વૈવિધ્યસભર બનાવશે. પ્રકૃતિની શાંતિ, ભારતના સાંસ્કૃતિક વારસાની ઝલક અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ—આ ત્રણેયનો સમન્વય કરતી આ ઈકો-ટ્રેઈલ એકતાનગરને પર્યાવરણપ્રેમી અને ટકાઉ પ્રવાસન સ્થળ તરીકે વધુ મજબૂત ઓળખ અપાવવામાં સહાયક બનશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ૩૧ ઓકટોબરે સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે ભવ્ય રાષ્ટ્રીય એકતા પરેડનું આયોજન

કમલમ્, રાજપીપળા,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાનારી રાષ્ટ્રીય એકતા પરેડ-૨૦૨૬ દેશની અખંડિતતા, રાષ્ટ્રીય એકતા અને સુરક્ષા દળોના શૌર્યને સમર્પિત રહેશે. જેમાં આ વર્ષની પરેડમાં 'નકસલ મુકત ભારત' અને 'વિવિધતામાં એકતા'ના સંદેશને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવશે. આ વર્ષની પરેડમાં વિશેષ આકર્ષણ તરીકે નકસલવાદ વિરોધી કામગીરીમાં યોગદાન આપનાર ડોગ સ્ક્વોડને સ્થાન આપવામાં આવ્યું છે. સુરક્ષા દળોના આ વફાદાર સાથીઓની ઉપસ્થિતિ દેશની આંતરિક સુરક્ષામાં પ્રાણીઓના અમૂલ્ય યોગદાન અને રાષ્ટ્રસેવાના ભાવને ઉજાગર કરશે. આધુનિક સુરક્ષા વ્યવસ્થામાં ડોગની તીક્ષ્ણ સૂંઘવાની ક્ષમતા, તાલીમ અને શિસ્ત કેટલી મહત્ત્વપૂર્ણ છે તેનો સંદેશ પણ આ ડોગ સ્ક્વૉડ આપશે. સરદાર પટેલે અખંડ ભારતના નિર્માણ માટે આપેલા ઐતિહાસિક યોગદાનને સ્મરણ કરતાં આ પરેડ તેમના એકતાના સ્વપ્નને સાકાર કરવાનો સંકલ્પ વ્યક્ત કરશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષાને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપશે. પરેડમાં વિવિધ રાજ્યોની પોલીસ અને સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF)ના ૧૯ કન્ટિન્જન્ટ માર્ચપાસ્ટ કરશે. પોલીસ બેન્ડ, મોટરસાયકલ પ્રદર્શન, આકર્ષક ઝાંખીઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો પરેડની ભવ્યતામાં વધારો કરશે. આ વખતે નક્સલ વિરોધી કામગીરી સાથે સંકળાયેલા ડોગ સ્ક્વોડની ઉપસ્થિતિ સુરક્ષા દળોની કાર્યક્ષમતા અને આત્મનિર્ભરતાને વિશેષ રીતે રજૂ કરશે. આ ઉપરાંત NCCના કેડેટ્સ પણ 'વિવિધતામાં એકતા'ની ભાવનાને ઉજાગર કરશે. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી પર યોજાનારી એકતા પરેડ-૨૦૨૬ માત્ર ભવ્ય માર્ચપાસ્ટ પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ દેશની એકતા, સુરક્ષા દળોના સમર્પણ, સહકાર અને રાષ્ટ્રગૌરવનું પ્રેરણાદાયી પ્રતીક બનશે.

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે નકસલ પ્રભાવિત ક્ષેત્રના પર્યટકોએ અમદાવાદના હેરિટેજ અને આધુનિક પ્રકલ્પોની મુલાકાત લીધી

દેશના પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટીથી ધોલેરા સ્માર્ટ સિટી સુધીની મુલાકાત દરમિયાન પ્રવાસીઓએ ગુજરાતની ઐતિહાસિક વિરાસત અને ભવિષ્યના મોડેલનો અનુભવ કર્યો

કમલમ્,

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે આયોજિત 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી પૂર્વે અંતરિયાળ અને નક્સલ પ્રભાવિત વિસ્તારોના નાગરિકોને રાષ્ટ્રના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે એક વિશેષ જનજાગૃતિ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ પહેલના ભાગરૂપે, નક્સલ પ્રભાવિત ક્ષેત્રોમાંથી આવેલા પ્રવાસીઓના એક વિશેષ દળે ભારતના પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ અને દેશના પ્રથમ ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી ધોલેરાની ઉત્સાહભેર મુલાકાત લીધી હતી. અમદાવાદ ખાતેના રોકાણ દરમિયાન પ્રવાસીઓએ શહેરના ઐતિહાસિક અને આધુનિક પાસાઓને અત્યંત નજીકથી અનુભવ્યા હતા. મુલાકાતની શરૂઆતમાં તેઓએ પ્રાચીન સ્થાપત્ય અને સંસ્કૃતિને સમજવા માટે 'હેરિટેજ વોક' કરી હતી. ત્યાર બાદ પૂજ્ય બાપુની કર્મભૂમિ એવા સાબરમતી આશ્રમ ખાતે શાંતિ અને અહિંસાના પાઠ શીખ્યા હતા. આધુનિક ભારતની સાયન્ટિફિક પ્રગતિના પ્રતીક સમાન 'સાયન્સ સિટી' અને સ્થાપત્યની દ્રષ્ટિએ આકર્ષણનું કેન્દ્ર બનેલા 'અટલ બ્રિજ' તથા સાબરમતી રિવરફ્રન્ટની ભવ્યતા નિહાળીને તેઓ મંત્રમુગ્ધ થયા હતા. સાંસ્કૃતિક અને બૌદ્ધિક આદાન-પ્રદાનના ભાગરૂપે આ પ્રવાસીઓએ 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ'ની પણ મુલાકાત લીધી હતી. જ્યાં દેશ-વિદેશના સાહિત્યનો સંગમ જોવા મળ્યો હતો. આ ઉપરાંત, પ્રવાસીઓએ પરંપરાગત ગુજરાતી વાનગીઓનો આસ્વાદ માણી ગુજરાતની આતિથ્ય ભાવનાનો સ્વીકાર કર્યો હતો. ભવિષ્યના વિકસિત ભારતની ઝાંખી કરાવતા 'ધોલેરા SIR (સ્માર્ટ સિટી)'ના વિવિધ અત્યાધુનિક પ્રોજેક્ટ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશે માહિતી મેળવીને યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ અને ધોલેરાના પ્રવાસ બાદ આ તમામ પર્યટકો હવે નર્મદા જિલ્લાના એકતાનગર (કેવડિયા) ખાતે પહોંચશે. જ્યાં આગામી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં યોજાનારા 'રાષ્ટ્રીય એકતા દિવસ'ના ભવ્ય કાર્યક્રમમાં તેઓ સક્રિયપણે ભાગ લેશે. દેશના વિભિન્ન ખૂણેથી આવેલા આ નાગરિકો 'અખંડ ભારત'ના શિલ્પી સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઑફ યુનિટી'ના સાનિધ્યમાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના શપથ લઈને દેશના વિકાસમાં ભાગીદાર બનવાનો સંકલ્પ કરશે.

ગાંધીનગરમાં 'મિશન શકિત' યોજનાના અસરકારક અમલીકરણ માટે જિલ્લા કક્ષાની સમિતિની બેઠક યોજાઈ

કમલમ્, ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લામાં મહિલાઓ અને બાળકોના સંરક્ષણ, સુરક્ષા તથા સશક્તિકરણને વધુ સુદ્રઢ બનાવવા ભારત સરકાર પુરસ્કૃત 'મિશન શક્તિ' યોજના અંતર્ગત જિલ્લા કક્ષાની દેખરેખ અને મૂલ્યાંકન સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરશ્રી રવિન્દ્ર ખતાલેના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે બેઠક દરમિયાન 'મિશન શક્તિ' હેઠળ અમલમાં મૂકવામાં આવતી 'બેટી બચાવો બેટી પઢાવો', 'સખી વન સ્ટોપ સેન્ટર', 'ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન' અને '૧૮૧ મહિલા હેલ્પલાઈન' સહિતની યોજનાઓ હેઠળ થયેલી કામગીરીની સમીક્ષા કરી, મહિલાઓ અને દીકરીઓના સશક્તિકરણ, સુરક્ષા તથા અધિકારોના રક્ષણ માટે તમામ વિભાગોએ સંકલન સાથે કાર્ય કરવા સૂચનો આપ્યા હતા. વધુમાં, બાલિકા પંચાયતની રચના અને તેની કામગીરીને પ્રોત્સાહન આપવા તેમજ સરકારની વિવિધ યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ મહિલાઓ અને દીકરીઓ સુધી પહોંચે તે માટે અસરકારક આયોજન કરવા માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત, મિશન શક્તિ હેઠળ યોજેલ એનિમિયા તપાસ કેમ્પની સમીક્ષા અને મૂલ્યાંકન કર્યું હતું. આ બેઠકમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષક કચેરીના પ્રતિનિધિશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રી, જિલ્લા રોજગાર અધિકારીશ્રી, લીડ બેંક મેનેજરશ્રી તથા સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દેશની લોકતાંત્રિક પ્રક્રિયા અને સંવૈધાનિક સંસ્થાઓ સામે અવિશ્વાસ ફેલાવવાના કોંગ્રેસના કુપ્રયાસો વિરુદ્ધ ભાજપાના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન' અંતર્ગત વડોદરા ખાતે વિશાળ પદયાત્રા યોજાઈ

દેશની લોકશાહી વ્યવસ્થાને નબળી પાડવાના કોંગ્રેસ તથા તેના સાથી પક્ષોના પ્રયાસો સામે ભાજપાનો કાર્યકર્તા જનજાગૃતિના માધ્યમથી મજબૂતીથી ઊભો રહેશે-શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ

ચૂંટણીનાં પરિણામોનો સ્વીકાર કરવાને બદલે દરેક પરાજય માટે ચૂંટણી વ્યવસ્થાને દોષ આપવો એ કોંગ્રેસની રાજકીય હતાશા દર્શાવે છે- શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ

જનસમર્થનને વોટ ચોરી ગણાવવું એ જનતાના નિર્ણયનું અપમાન છે- શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ

લોકતંત્રના નામે અરાજકતા ફેલાવી સત્તા મેળવવાના કોંગ્રેસના પ્રયાસોને દેશની જનતા ક્યારેય સ્વીકારશે નહીં- શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ

ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસની આ નિમ્નસ્તરની રાજનીતિને જનતા સમક્ષ ઉજાગર કરી લોકશાહીની ગરિમા અને રાષ્ટ્રીય હિતના રક્ષણ માટે જનજાગૃતિનું કાર્ય કરશે-શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ

ભારતીય જનતા પાર્ટી માટે રાજનીતિ સત્તા મેળવવાનું નહીં, પરંતુ રાષ્ટ્રસેવા અને જનકલ્યાણનું માધ્યમ છે-શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ

લોકશાહીના નામે ભ્રમ ફેલાવવાના પ્રયાસોનો જવાબ જનશક્તિ અને લોકજાગૃતિથી આપવામાં આવશે-શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ

કોંગ્રેસે યાદ રાખવું જોઈએ કે દેશની જનતા રાજકીય નાટકોથી નહીં, પરંતુ કામ અને પરિણામોથી મૂલ્યાંકન કરે છે-શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ

"મોદી કહી નહીં જાયેગા, મોદી વિકસિત ભારત બનવાયેગા."-શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ

કમલમ્,

દેશની લોકતાંત્રિક વ્યવસ્થા અને સંવૈધાનિક સંસ્થાઓની વિશ્વસનીયતા સામે બેબુનિયાદ સવાલો ઊભા કરીને જનતાને ગેરમાર્ગે દોરવાના કોંગ્રેસ અને ઈન્ડી ગઠબંધનના કુપ્રયાસો સામે જનજાગૃતિ લાવવા તેમજ કોંગ્રેસના આ વલણનો વિરોધ કરવાના હેતુથી ભારતીય જનતા પાર્ટી દ્વારા શરૂ કરાયેલ 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન-૨૦૨૬' અંતર્ગત વડોદરા ખાતે પદયાત્રા યોજાઈ હતી. જેનો પ્રારંભ વડોદરાના નવલખી મેદાન ખાતેથી થયો હતો. આ પદયાત્રામાં પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, ભાજપા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અને વડોદરાના સાંસદ શ્રી ડૉ. હેમાંગભાઈ જોષી, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી રમણભાઈ સોલંકી, શ્રી સંજયસિંહ મહિડા, શ્રીમતી મનીષાબેન વકીલ, પ્રદેશ પદાધિકારીઓ, વડોદરા મહાનગર ભાજપા અધ્યક્ષ શ્રી જયપ્રકાશ સોની, મેયર ગીતાબેન મકવાણા, મધ્ય ઝોનના સાંસદશ્રી, ધારાસભ્યશ્રી, સિનિયર આગેવાનો, સ્થાનિક સંગઠન, અભિયાનની ટીમ, કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં. મતદાર યાદીની ખાસ સઘન સુધારણા પ્રક્રિયા (SIR)ને લઈને પણ કોંગ્રેસ દ્વારા રાજકીય વિવાદ ઊભો કરી જનતામાં ભ્રમ ફેલાવવાના પ્રયાસો સામે પદયાત્રામાં જોડાયેલ સૌએ સખત વિરોધ નોંધાવ્યો હતો. પદયાત્રા દરમિયાન 'લોકતંત્રનો હુંકાર, અરાજકતાની હાર', 'લોકતંત્રનું અપમાન, નહીં સહે હિન્દુસ્તાન', 'કોંગ્રેસનો હાથ ઘૂસણખોરોના સાથ', 'મોદી કહી નહિ જાયેગા', સહિતના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. પદયાત્રામાં વિવિધ ક્ષેત્રના આગેવાનો, સામાજિક અગ્રણીઓ, વેપારી વર્ગના પ્રતિનિધિઓ, મહિલાઓ, યુવાનો તથા પ્રબુદ્ધ નાગરિકોની ઉપસ્થિતિએ કાર્યક્રમને જનભાગીદારીનું સ્વરૂપ આપ્યું હતું.

ગુજરાત પ્રદેશ ભાજપાના પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટે સંબોધન કરતાં જણાવ્યું હતું કે ભારત દેશ સંસદીય લોકશાહી પ્રણાલી અને બંધારણીય વ્યવસ્થાના આધારે ચાલે છે. લોકશાહીમાં જનતાનો વિશ્વાસ, બંધારણીય સંસ્થાઓની ગરિમા અને લોકમતનું સન્માન સર્વોપરી છે. પરંતુ ચૂંટણીમાં જનસમર્થન પ્રાપ્ત કરવામાં નિષ્ફળ રહેલી કોંગ્રેસ અને તેના સાથી રાજકીય પક્ષો લોકશાહી માર્ગે જનતાનો વિશ્વાસ જીતવાને બદલે રસ્તા પર આંદોલનો કરીને દેશની સંસ્થાઓ પ્રત્યે અવિશ્વાસ ઊભો કરવાનો અને અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે. લોકતંત્રનું રક્ષણ કરવું એ ભાજપાના દરેક કાર્યકર્તાની પ્રથમ ફરજ છે અને દેશની લોકશાહી વ્યવસ્થાને નબળી પાડવાના આવા પ્રયાસો સામે ભાજપાનો કાર્યકર્તા જનજાગૃતિના માધ્યમથી મજબૂતીથી ઊભો રહેશે. શ્રી બ્રહ્મભટ્ટે વધુમાં જણાવ્યું હતું કે, લોકશાહીમાં સરકારો જનતાના મતથી બને છે, રસ્તા પર અરાજકતા ફેલાવીને નહીં. રાજકીય વિરોધના નામે દેશની સંસ્થાઓની વિશ્વસનીયતા પર પ્રહાર કરીને સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ લોકશાહીની ભાવનાને અનુરૂપ નથી. ભારતની જનતા આવી અરાજકતાવાદી માનસિકતાને ક્યારેય સ્વીકારશે નહીં. કોંગ્રેસના ચૂંટણીલક્ષી આક્ષેપોનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે વિવિધ રાજયોમાં ચૂંટણી પરિણામો કોંગ્રેસની રાજકીય નિષ્ફળતાને ઉજાગર કરે છે. ચાર રાજ્યોની એમએલસી બેઠકોની ચૂંટણીમાં કોંગ્રેસને પરાજયનો સામનો કરવો પડ્યો હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે સવાલ કર્યો હતો કે ત્યાં મળેલા પરાજય માટે કોંગ્રેસ કોને જવાબદાર ઠેરવશે? ચૂંટણીનાં પરિણામોનો સ્વીકાર કરવાને બદલે દરેક પરાજય માટે ચૂંટણી વ્યવસ્થાને દોષ આપવો એ કોંગ્રેસની રાજકીય હતાશા દર્શાવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪થી ૨૦૨૫ દરમિયાન અનેક વિધાનસભા ચૂંટણીઓમાં કોંગ્રેસને પરાજયનો સામનો કરવો પડ્યો છે, જ્યારે વર્ષ ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીને જનતાએ સમર્થન આપ્યું છે. આ જનસમર્થનને વોટ ચોરી ગણાવવું એ જનતાના નિર્ણયનું અપમાન છે. ભાજપાની જીત પાછળ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલાં વિકાસકાર્યો, ભાજપાના કાર્યકર્તાઓની દિવસ-રાતની મહેનત, જનસેવા અને સંગઠનની મજબૂત કામગીરી રહેલી છે. જનતાની અપેક્ષાઓ પૂર્ણ કરવા માટે કાર્યકર્તાઓએ કરેલી નિષ્ઠાપૂર્વકની મહેનતનું જ આ પરિણામ છે. તેમણે ઉમેર્યું હતું કે, "મોદી નહીં જાયેગા, મોદી વિકસિત ભારત બનવાયેગા." દેશના કરોડો પરિવારોને પાકાં ઘર ઉપલબ્ધ કરાવવાની દિશામાં થયેલું કાર્ય, આયુષ્માન ભારત યોજના દ્વારા આરોગ્ય સુરક્ષાનો લાભ, ઉજ્જ્વલા યોજના દ્વારા મહિલાઓને સ્વચ્છ રસોઈ ગેસની સુવિધા તથા આતંકવાદ સામે કડક કાર્યવાહી કરીને દેશની સુરક્ષાને મજબૂત બનાવવાનાં પગલાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલાં કાર્યોનાં ઉદાહરણો છે. પ્રધાનમંત્રીશ્રી જનતાના હૃદયમાં વસે છે અને તેમના નેતૃત્વમાં વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ આગળ વધી રહ્યો છે. શ્રી બ્રહ્મભટ્ટે વધુમાં જણાવ્યું હતું કે દેશના લોકતંત્રને નબળું પાડવાના, વિદેશી પ્રભાવના આધારે રાજકીય વાતાવરણને દિશા આપવાના અને ઘૂસણખોરી જેવા મુદ્દાઓ પર જનતામાં ચિંતા ઊભી કરતી પરિસ્થિતિઓ સામે જાગૃતિ લાવવી જરૂરી છે.

લોકશાહીની ગરિમા જાળવવા, બંધારણીય સંસ્થાઓ પ્રત્યે જનવિશ્વાસ મજબૂત કરવા અને કોંગ્રેસના ભ્રામક પ્રચારનો જવાબ આપવા માટે ભારતીય જનતા પાર્ટી જનતાની વચ્ચે જઈ રહી છે. ભાજપાના કાર્યકર્તાઓ જનતાની વચ્ચે જઈને તથ્યો રજૂ કરશે અને આવા ભ્રામક પ્રચાર સામે જનજાગૃતિ લાવશે. આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા માટે પરિશ્રમ કરનારા તમામ કાર્યકર્તાઓને તેમણે વંદન અને અભિનંદન પાઠવ્યાં હતાં. પ્રદેશ મહામંત્રી શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, કોંગ્રેસે દેશની જનતાનો વિશ્વાસ ગુમાવી ચૂકી છે માટે રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા માટે વિવાદોનો સહારો લઈ રહી છે. જનતાના પ્રશ્નોનું સમાધાન અને દેશના વિકાસમાં રચનાત્મક ભૂમિકા નિભાવવાને બદલે કોંગ્રેસ રાજકીય વાતાવરણને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહી છે. શ્રી ચૌહાણે વધુમાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી માટે રાજનીતિ સત્તા મેળવવાનું નહીં, પરંતુ રાષ્ટ્રસેવા અને જનકલ્યાણનું માધ્યમ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ વિકાસના નવા આયામો સર કરી રહ્યો છે, ત્યારે વિપક્ષે પણ દેશહિતના કાર્યોમાં જવાબદાર ભૂમિકા નિભાવવી જોઈએ. ભાજપાના કાર્યકર્તાઓ જનતાની વચ્ચે રહીને સરકારની કામગીરી અને રાષ્ટ્રના વિકાસનો સંદેશ પહોંચાડવા કટિબદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે, 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન' દ્વારા કોંગ્રેસની નકારાત્મક રાજનીતિ સામે જનતાને જાગૃત કરવામાં આવશે. લોકશાહીના નામે ભ્રમ ફેલાવવાના પ્રયાસોનો જવાબ જનશક્તિ અને લોકજાગૃતિથી આપવામાં આવશે. તેઓએ કહ્યું કે, કોંગ્રેસે યાદ રાખવું જોઈએ કે દેશની જનતા રાજકીય નાટકોથી નહીં, પરંતુ કામ અને પરિણામોથી મૂલ્યાંકન કરે છે. 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન-૨૦૨૬' દ્વારા ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસની આ નિમ્નસ્તરની રાજનીતિને જનતા સમક્ષ ઉજાગર કરી લોકશાહીની ગરિમા અને રાષ્ટ્રીય હિતના રક્ષણ માટે જનજાગૃતિનું કાર્ય કરશે.

મોરબીમાં 'સર્જનથી સમૃદ્ધિ' થીમ આધારિત 'સ્વદેશી મેળો' પ્રભારી મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા અને મંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયાના વરદ હસ્તે આજથી આગામી ૫ નવેમ્બર ૨૦૨૬ સુધી ખુલ્લો મૂક્યો

સ્વદેશી મેળાના શુભારંભ પ્રસંગે અનુપમ યોગ મંડળની બહેનો દ્વારા યોગ નૃત્યથી અદભૂત કલા કૃતિ રજૂ કરવામાં આવી હતી જે ઉપસ્થિત મહેમાનો અને લોકો માટે અવિસ્મરણીય યાદગાર ક્ષણ બની હતી.

કમલમ્,

લોકલ ફોર વોકલ અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાના આશયથી મોરબી મહાનગરપાલિકા દ્વારા 'સર્જનથી સમૃદ્ધિ' ની થીમ સાથે આજથી આગામી તા. ૫ નવેમ્બર ૨૦૨૬ સુધી મોરબીમાં રત્નકલા ગ્રાઉન્ડ ખાતે 'સ્વદેશી મેળો' શરૂ થઈ ગયો છે. સ્વદેશી મેળાના શુભારંભ પ્રસંગે 'વિકાસ વાટિકા' પુસ્તકનું પ્રભારી મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા અને મંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયાના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. મોરબીના સ્કાય મોલની બાજુમાં આવેલા રત્નકલા ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ સ્વદેશી મેળામાં વિવિધ હસ્તકલાની વસ્તુઓ અને સ્થાનિક સામગ્રીઓનું સખી મંડળની બહેનો દ્વારા વેચાણ કરવામાં આવશે. આ સ્વદેશી મેળાનું મુખ્ય આકર્ષણ વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમો, યોગા થીમ પર આધારિત પ્રસ્તુતિઓ, મનોરંજક મેજિક શો, લોક ડાયરો તેમજ સ્વચ્છતા અને જનજાગૃતિલક્ષી નાટકો રહેશે. આ કાર્યક્રમો નિહાળવા અને સ્વદેશી મેળાનો વધુને વધુ લાભ લેવા મોરબીવાસીઓને મોરબી મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરાયો છે. આ સ્વદેશી મેળાના શુભારંભ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા, મંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયા, મેયરશ્રી ઉત્તમ સુરાણી, ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયા, કમિશ્નરશ્રી સંગીતા રૈયાણી આ ઉપરાંત જિલ્લાના અનેક અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, સામાજિક અગ્રણીઓ અને મોટા પ્રમાણમાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં તા. ૩૦ ઓક્ટોબરે બનાસકાંઠાના ભીલડીમાં રાષ્ટ્રીય કક્ષાનો "પીએમ કિસાન ઉત્સવ દિવસ" ઉજવાશે

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબરના રોજ ગુજરાતના આંગણે પધારી રહ્યા છે. વડાપ્રધાનશ્રીની આ મુલાકાત પૂર્વે આજે કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ બનાસકાંઠાના ભીલડી ખાતે પહોંચીને વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં યોજાનાર 'પીએમ કિસાન ઉત્સવ દિવસ' કાર્યક્રમની પૂર્વતૈયારીઓની સમીક્ષા કરી હતી. મંત્રીશ્રીએ વહીવટી તંત્ર સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને ત્યારબાદ પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આગામી તા. ૩૦ ઓક્ટોબરના રોજ બનાસકાંઠાના ભીલડી ખાતે રાષ્ટ્રીય કક્ષાના "પીએમ કિસાન ઉત્સવ દિવસ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના માધ્યમથી વડાપ્રધાનશ્રીના વરદહસ્તે "પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના"ના ૨૪મા હપ્તાની રકમ દેશભરના ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. આ ૨૪મા હપ્તા હેઠળ સમગ્ર દેશના ૯.૩૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧૮,૬૮૦ કરોડથી વધુની સહાય મળશે, જે પૈકી એકલા ગુજરાતના ૫૨.૩૩ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧,૦૫૧ કરોડથી વધુની આર્થિક સહાય પ્રાપ્ત થશે, તેમ તેમણે ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે, અગાઉ ૧ થી ૨૩ હપ્તાઓ દ્વારા દેશના ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારોને કુલ રૂ. ૪,૪૭,૦૦૦ કરોડથી વધુ તથા ગુજરાતના ૬૯.૨૬ લાખથી વધુ લાભાર્થી ખેડૂતોને રૂ. ૨૪,૧૩૭ કરોડથી વધુની રકમ ચૂકવવામાં આવી ચૂકી છે. તેમણે ઉમેર્યું હતું કે, ભીલડી ખાતે આયોજિત આ રાષ્ટ્રીય કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાનશ્રીના હસ્તે કૃષિ અને પશુપાલન ક્ષેત્રે અનેક મહત્વના પ્રકલ્પોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત સંપન્ન થશે. જેમાં રૂ. ૩૨૮.૭૭ કરોડના ખર્ચે તૈયાર 'ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર' (BBRC)નું લોકાર્પણ, બનાસ ડેરીના થરાદ અને રાધનપુર ખાતે નવા ૨ કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટનું ભૂમિપૂજન તથા બનાસ ડેરીના નવા પોટેટો એક્સપાન્શન અને UHT – AS RS નુંઈ-લોકાર્પણ સમાવિષ્ટ છે. આ રાષ્ટ્રીય કાર્યક્રમનું સમગ્ર દેશ તથા ગુજરાતના ખૂણે-ખૂણામાં જીવંત પ્રસારણ કરવામાં આવશે. ગુજરાત રાજ્યમાં ૩૪ જિલ્લા કક્ષાના તેમજ ૨,૧૦૦થી વધુ ક્લસ્ટર કક્ષાના કાર્યક્રમો યોજાશે, જેમાં વિવિધ મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીઓ, કૃષિ વૈજ્ઞાનિકો અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમો દરમિયાન સ્થળ પર જ કૃષિ અને બાગાયત વિભાગની વિવિધ યોજનાઓના મંજૂરીપત્રોનું લાભાર્થી ખેડૂતોને વિતરણ કરાશે. મંત્રીશ્રીએ રાજ્યના તમામ ખેડૂત ભાઈ-બહેનોને નજીકના કેન્દ્ર કે વેબકાસ્ટ લિંક મારફત આ ઉત્સવમાં મોટી સંખ્યામાં જોડાવા નિમંત્રણ પાઠવ્યું છે. મંત્રીશ્રીએ એકતાનગર ખાતે યોજાનાર વડાપ્રધાનશ્રીના સૂચિત કાર્યક્રમો અંગે વિગતો આપતા કહ્યું કે, તા. ૩૦ ઓક્ટોબરના રોજ સાંજે વડાપ્રધાનશ્રી સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે 'ભારત પર્વ' પેવેલિયનની મુલાકાત લેશે અને ત્યારબાદ કલ્ચરલ ગ્રાઉન્ડ ખાતે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા દ્વારા પ્રસ્તુત થનાર ભવ્ય નાટક 'આનંદમઠ' નિહાળશે. રાષ્ટ્રીય એકતા દિવસ એટલે કે તા. ૩૧ ઓક્ટોબરના રોજ અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જયંતી નિમિત્તે સવારે વડાપ્રધાનશ્રી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર સાહેબની પ્રતિમાને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરશે. ત્યારબાદ, એકતાનગર ખાતે વિવિધ જનકલ્યાણકારી વિકાસલક્ષી પ્રકલ્પોનું ભૂમિપૂજન, શિલાન્યાસ અને લોકાર્પણ કરશે. આ ઉપરાંત વડાપ્રધાનશ્રી સવારે 'આરંભ ૨૦૨૬' કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેશે તથા બપોરે ટેન્ટ સિટી ખાતે દેશના તાલીમાર્થી અધિકારીઓ સાથે પ્રેરણાદાયી સંવાદ સાધશે. વધુમાં, સાંજે પરેડ ગ્રાઉન્ડ ખાતે આયોજિત 'રાષ્ટ્રીય એકતા દિવસ'ના મુખ્ય ઉજવણી સમારોહમાં વડાપ્રધાનશ્રી મુખ્યાતિથિ તરીકે સહભાગી થઈ પરેડનું નિરીક્ષણ કરી સલામી ઝીલશે. આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીની સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

શિક્ષણ મંત્રી શ્રી અને જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ડો પ્રદ્યુમન વાજા એ પીએમ કિસાન ઉત્સવ, રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણીની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી

ગિરનાર લીલી પરીક્રમાના સુચારૂ આયોજન અંગે અને પરિક્રમાર્થીઓ માટે પાણી, લાઈટ અને આરોગ્ય સહિતની સુવિધા સુનિશ્ચિત કરવા અધિકારીઓને માર્ગદર્શન આપતા મંત્રીશ્રી

કમલમ્, જૂનાગઢ

સામાજિક ન્યાય અને અધિકારીતા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી શ્રી અને જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજા ની અધ્યક્ષતામાં પીએમ કિસાન ઉત્સવ, રાષ્ટ્રીય એકતા દિનની અને આગામી સમયમાં યોજાનાર ગિરનાર લીલી પરીક્રમાની પૂર્વ તૈયારીઓની સમીક્ષા બેઠક આજરોજ કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. જૂનાગઢ આગામી તા. ૩૦ ઓક્ટોબરના રોજ યોજાનારા પીએમ કિસાન ઉત્સવ તથા તા. ૩૧ ઓક્ટોબરના રોજ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે યોજાનારા એકતા દિવસની ઉજવણીને સુવ્યવસ્થિત આયોજન અને પરંપરાગત ગીરનાર લીલી પરીક્રમાની પૂર્વ તૈયારીઓની જિલ્લાના પ્રભારી મંત્રી શ્રીની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કાર્યક્રમોના સુચારૂ આયોજન, વિવિધ વિભાગો વચ્ચે સંકલન, સોંપવામાં આવેલી જવાબદારીઓના સમયસર અમલીકરણ તથા જરૂરી પ્રાથમિક વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. પ્રભારીમંત્રીશ્રીએ કાર્યક્રમો સફળતાપૂર્વક સંપન્ન થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત તા. ૨૦ નવેમ્બર ૨૦૨૬ થી આરંભ થનાર પરંપરાગત ગિરનાર લીલી પરીક્રમાના આયોજન અંગેની પૂર્વ તૈયારીઓની જાણકારી કલેકટર શ્રી યોગેશ ચૌધરી એ મંત્રીશ્રીને આપી હતી. મંત્રી શ્રી એ સમગ્ર રાજ્યની સાથે જૂનાગઢ જિલ્લામાં પણ પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી અને રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણીના સુચારું આયોજન તેમજ આગામી મહિનામાં યોજાનારી પરંપરાગત ગિરનાર લીલી પરિક્રમાની તૈયારીઓ માટે વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ આ કાર્યક્રમમાં વહીવટી તંત્રના દરેક વિભાગને એકબીજાના પૂરક બનીને કામગીરી કરવા અંગે માર્ગદર્શન પણ આપ્યું હતું. ખાસ કરીને ગિરનાર પરિક્રમામાં પાણીની સમસ્યા ન સર્જાય તે માટેની પૂર્વ તૈયારીઓ, ઉપરાંત લાઈટિંગની વધુ વ્યવસ્થા થાય, આરોગ્ય સહિતની બાબતે અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપ્યું હતુ તેમ જ પદાધિકારીઓ અધિકારીઓ સાધુ સંતો વન વિભાગ ને સંયુક્તમાં પરિક્રમાના રૂટનું રૂટ નિરીક્ષણ કરવા પણ સૂચન કર્યું હતું આ સમીક્ષા બેઠકમાં જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનર શ્રી આઈ.આર.વાળા,, જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંતસિંહ રાઠોર, જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સુબોધ ઓડેદરા, મેયર શ્રી ધર્મેશભાઈ પોશિયા, ડેપ્યુટી મેયર શ્રી આકાશભાઈ કટારા, ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા, ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન સુશ્રી પલ્લવીબેન ઠાકર, શાસક પક્ષના નેતાશ્રી મનનભાઈ અભાણી, સાવજ ડેરીના ચેરમેન શ્રી દિનેશભાઈ ખટારીયા, જેડીસીસી બેંક ના ચેરમેન શ્રી કિરીટભાઈ પટેલ, અગ્રણી શ્રી વિપુલભાઈ કાવાણી, જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ શ્રી ગૌરવભાઈ રૂપારેલીયા, જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ચંદુભાઈ મકવાણા, પ્રાંત અધિકારીશ્રીઓ, સહિતના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય જલ શક્તિ મંત્રીએ પુન ભરણ મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરી

કમલમ્,

કેન્દ્રીય જલ શક્તિ મંત્રીએ રાષ્ટ્રીય જળ મિશન (NWM) ના સહયોગથી BISAG-N દ્વારા વિકસાવવામાં આવેલ પુનઃભરણ મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરી છે. જળ સંસાધન વિભાગ, RD&GR, જલ શક્તિ મંત્રાલય વૈજ્ઞાનિક ભૂગર્ભજળ રિચાર્જ આયોજનને સમર્થન આપે છે. આ મોબાઈલ એપ્લિકેશન વપરાશકર્તાઓને ૩ કિમી સુધીના ત્રિજ્યા વિસ્તારની અંદર સંભવિત કૃત્રિમ રિચાર્જ વિસ્તારોની ઓળખ કરવા અને સ્થાનિક પરિસ્થિતિઓના આધારે યોગ્ય રિચાર્જ સંરચનાઓ શોધવા માટે સક્ષમ બનાવે છે. વેબ પોર્ટલ ગામડાના સ્તરના આર્ટિફિશિયલ રિચાર્જ સ્ટ્રક્ચર (ARS) ઝોનેશન નકશા, જીઆઈએસ સાધનો અને થીમેટિક લેયર્સ સુધી પહોંચ પ્રદાન કરે છે, જે ટકાઉ ભૂગર્ભજળ વ્યવસ્થાપન માટે સુમાહિતગાર આયોજનને ટેકો આપે છે. આ પ્લેટફોર્મ વરસાદ, ભૂગર્ભજળના સ્તર, ભૂગર્ભજળની ક્ષમતા, ઢાળ અને ડ્રેનેજ સહિતના જીઓસ્પેશિયલ ડેટાસેટ્સનો ઉપયોગ કરે છે, જેથી સંભવિત રિચાર્જ વિસ્તારોની ઓળખ કરવામાં અને યોગ્ય હસ્તક્ષેપોનું આયોજન કરવામાં મદદ મળે. પુનઃભરણ — જીઓસ્પેશિયલ ટેક્નોલોજી દ્વારા વૈજ્ઞાનિક ભૂગર્ભજળ રિચાર્જ આયોજનને આગળ ધપાવી રહ્યું છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028